647510 **BRS6HofC022x** Seat No :________

## B.R.S. Semester - 6 (*CBCS*) Examination
## March/April-2026 (NEW COURSE)
## Horticulture & Forestry (Core -22 (New))

**Time: 2:00 Hours** **Marks:50**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચેનામાંથી કોઈ એક પ્રશ્નનો જવાબ લખો. (૧૦)

1) લેટીન ચોરસ રચના મૂજબ પાંચ માવજતોની ચકાસણી કરવાની છે તો માવજતોની યદચ્છ ફાળવણી કઈ રીતે કરશો તે ઉદાહરણ દ્વા આકૃતિ સાથે મુદાસર સમજાવો.

2) ભીંડાની જાતો પૂસા મખમલી, પૂસા વૈશાલી, ગુજ.સ. ભીંડા- 1, ગુજ.સ. ભીંડા- 2, પંજાબ ભીંડા- 8 અને પરભણી ક્રાંતિની સરખામણી કરવા માટે સંપૂર્ણ યદચ્છ રચના (CRD) મૂજબ લેવાના પ્રયોગમાં દરેક માવજત માટે ચાર સરખી પુન:રચના રાખવાની હોયતો માવજતોની યદચ્છ ફાળવણી કઈ રીતે કરશો તે મુદાસર સમજાવી ક્ષેત્ર નકશો તૈયાર કરો.

પ્રશ્ન-૨ નીચેનામાંથી કોઈ એક પ્રશ્નનો જવાબ લખો. (૧૦)

1) સંશોધન દરખાસ્ત લખવાની રીત મુદાસર સમજાવો.

2) પિયત પધ્ધતિઓ અને પિયતની સંખ્યાની ડુંગળીના પાક ઉત્પાદન પર થતી અસર ચકાસવા નીચે મુજબ માવજતો રાખવામાં આવે છે. તો ત્રણ પુન:રચના રાખી વિભક્ત ખંડ રચના મુજબ લેવાના ક્ષેત્ર પ્રયોગમાં માવજતોની યદચ્છ ફાળવણી કઈ રીતે કરશો તે આકૃતિ સાથે મુદાસર સમજાવો.

| મુખ્ય ખંડ માવજત (પિયત પધ્ધતિઓ) | પેટા ખંડ માવજત (પિયતની સંખ્યા) |
|---|---|
| 1) ટપક પધ્ધતિ | 1) પાંચ પિયત |
| 2) ફુવારા પધ્ધતિ | 2) છ પિયત |
| 3) કયારા પધ્ધતિ | 3) સાત પિયત |
| | 4) આઠ પિયત |

પ્રશ્ન-3 ટૂંકનોંધ લખો. (કોઈપણ ત્રણ) (૧૫)

1) 'ABBA' પધ્ધતિ
2) ક્ષેત્ર પ્રયોગમાં જવાબદારીની સોંપણી
3) CRD નાં ફાયદા-ગેરફાયદા
4) યદચ્છ બ્લોક રચનાના ફાયદા-ગેરફાયદા
5) RBD અને LSD વચ્ચેના તફાવતો

પ્રશ્ન-૪ નીચેનામાંથી કોઈપણ પાંચ પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ લખો. (૧૫)

1) CRDમાં સ્થાનિક નિયંત્રણના સિધ્ધાંતોનો ઉપયોગ થાય છે કે નહિ? શા માટે?
2) જોડકા રચનાને વ્યવસ્થિત રચના પણ કહે છે. કારણ આપો.
3) LSDમાં જો કુલ ખંડની સંખ્યા- 64 હોય તો હાર, સ્તંભ અને માવજતની સંખ્યા કેટલી હશે?
4) CRDની સરખામણીમાં RBDમાં પ્રાયોગિક દોષ વધે કે ઘટે? કઈ રીતે?
5) વિભક્ત ખંડ રચનાના ફાયદાઓ જણાવો.
6) ફળદ્રુપતાનો ઢાળ એક દિશા તરફી હોય ત્યારે કઈ જોડકા રચનાનો ઉપયોગ કરશો? શા માટે?
7) CRDમાં નષ્ટ ખંડ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે કે નહિ? શા માટે?

***********